For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સુરતમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીને લગતી શેલ કંપની પર EDનાં વ્યાપક દરોડા

# પાપલાજ ફોરેન ટ્રેડનું 2,800 કરોડનું મની લોન્ડરિંગ કૌભાંડ

**એન્ફોર્સમેન્ટ** ડિરેક્ટોરેટ સુરતની ટીમે સુરત, વડોદરા, મુંબઈ અને પુણેમાં દરોડા પાડ્યા

**પાપલાજ** ફોરેન ટ્રેડ એલએલપીનાં માલિકો સોમાભાઈ સુંદરભાઈ મીના અને ઓજસકુમાર મોહનલાલ નાઈકને વરૂણીમાં લેવાયા




સુરતઃ સુરતમાં શેલ કંપની ઊભી કરી વડોદરા, મુંબઈ અને પુણેથી ડાયમંડ ઓવર વેલ્યુએશન થકી 2800 કરોડનું હવાલા આચરનાર પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપીનાં સંચાલકોને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)સુરતની ટીમે વરુણીમાં લીધા છે. હીરા ઉદ્યોગમાં વૈશ્વિક મંદી હોવા છતાં સુરતમાં ડાયમંડ ઈન્ડસ્ટ્રીને લગતી શેલ કંપની લાંબા સમયથી કરોડોનાં ડાયમંડ અનેક ગણા ઓવરવેલ્યુએશનથી એક્સપોર્ટ કરતી હોવાથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સુરતને શંકા ગઈ હતી. શંકાને આધારે તપાસ કરતા આ કંપનીના સંચાલકોને સુરતના જાણીતા હીરા ઉદ્યોગકારો પણ નહીં ઓળખતા હોવાનું બહાર આવ્યું હતું. ડિરેક્ટોરેટ ઓફ એન્ફોર્સમેન્ટ (ED), સુરતે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA), 1999ની જોગવાઈઓ હેઠળ મેસર્સ પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપી, તેના ભાગીદારો સોમાભાઈ સુંદરભાઈ મીના, ઓજસકુમાર મોહનલાલ નાઈક અને તેના સહયોગીઓ પર સર્ચ ઓપરેશન કર્યું છે. સુરત, વડોદરા, મુંબઈ અને પુણેમાં વિવિધ સ્થળોએ સર્ચ ઓપરેશન દરમિયાન, વિવિધ ગુનાહિત દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવ્યા અને જપ્ત કરવામાં આવ્યા છે.

### સુરત, વડોદરા, મુંબઈ પુણેમાં 2800 કરોડ ભેગા કરી હોંગકોંગની 8 કંપનીઓમાં ટ્રાન્સફર કરાયા : ED

EDને માહિતી મળી હતી કે, મેસર્સ પાપલાજ ફોરેન ટ્રેડ LLPએ હીરાની આયાત અને નિકાસના ઓવરવેલ્યુએશનને કારણે મોટા પાયે શંકાસ્પદ આઉટવર્ડ રેમિટન્સ કર્યા છે. EDની તપાસમાં બહાર આવ્યું છે કે મેસર્સ પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપી, હીરાની આયાતનું ઓવરવેલ્યુએશન કર્યું હતું અને જુલાઈ, 2023 અને માર્ચ, 2024 વચ્ચે 2800 કરોડ સુરત, વડોદરા, મુંબઈ, પુણેની ઓફિસોમાં ભેગા કર્યા હતા. અને ભેગી કરેલી આ રકમ હોંગકોંગની 8 કંપનીઓમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.

### સુરત સહિત 4 શહેરોમાં આ સંસ્થાઓનું અસ્તિત્વ જ નથી, માલિકો પણ ભૂતિયા

સુરત, દિલ્હી, મુંબઈ, પુણે વગેરેમાં સ્થિત વિવિધ બિન-અસ્તિત્વ ધરાવતી સંસ્થાઓ, કંપનીઓ પાસેથી રૂ. 2800 કરોડની રકમ ભેગી કરવામાં આવી હતી અને હોંગકોંગ સ્થિત આઠ સંસ્થાઓને મોકલવામાં આવી હતી. તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે મેસર્સ પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપીને અંદાજે રૂ. 2800 કરોડની રકમ ટ્રાન્સફર કરતી સંસ્થાઓ, કંપની બોગસ શેલ કંપનીઓ હતી જેના માલિકો પણ ભૂતિયા નીકળ્યા છે. ઈડીને શંકા છે ચેનલે સંસ્થાઓને મળતાં ડોનેશન અને રિયલ એસ્ટેટનાં બ્લેક મનીને વ્હાઈટ કરવા આ રકમ હીરાની ખરીદી અને વેચાણની આડમાં હોંગકોંગ મોકલી હવાલો પાડવામાં આવ્યો હતો.

### મંદીમાં 2800 કરોડનો ઉથલો મારનાર કંપનીને સુરતનાં હીરા ઉદ્યોગકારો જ ઓળખતા નથી

સુરત ઈડી દ્વારા શંકાના આધારે તપાસ કરતાં પહેલાં પાપલજ ફોરેન ટ્રેડ LLP નાં માલિકો સોમાભાઈ સુંદરભાઈ મીના અને ઓજસકુમાર મોહનલાલ નાઈક વિશે માહિતી મેળવવા પ્રયાસ કરાતાં આટલો મોટો વેપાર ધરાવનાર કંપની અને એના માલિકોને સુરતમાં કોઈ ઓળખતું ન હતું.જુલાઈ, 2023 થી માર્ચ 2024 વચ્ચે રૂ. 2800 કરોડ હીરા વેપારના હોંગકોંગ મોકલ્યા એ સમયગાળો હીરા ઉદ્યોગ માટે મંદીનો હતો.આ સુરતની 9 મહિનામાં મોટી કંપનીઓએ પણ હોંગકોંગ વેપાર કર્યો ન હોવાની માહિતી મળતા ઈડી નાં અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.અને સુરતમાં સર્ચ ઓપરેશન દરમિયાન, વિવિધ ગુનાહિત દસ્તાવેજો અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા

**2800 કરોડ હોંગકોંગની જે 8 કંપનીઓને મોકલાયા તે પણ બોગસ**

EDની તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે, 2800 કરોડ હોંગકોંગની જે 8 કંપનીઓને મોકલવામાં આવ્યા એ કંપનીઓ પણ બોગસ હોવાનું બહાર આવ્યું છે. આ પેઢીઓ હીરાનાં ખરીદ વેચાણની એન્ટ્રી મોકલી પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપીનાં મળતિયાઓનાં બેંક ખાતાઓમાં 2800 કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા. હવાલો પાડનાર મેસર્સ પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપી શેલ એન્ટિટી છે.

**ઓવર વેલ્યુએશન થકી 2800 કરોડનો હવાલો કર્યો**

પાપલજ ફોરેન ટ્રેડ LLP એ હીરાની આયાતનું મૂલ્ય વધારે કર્યું હતું, અને નજીવી કિંમતના હીરા હોંગકોંગથી મંગાવી જુલાઈ, 2023 અને માર્ચ 2024 વચ્ચે રૂપિયા 2800 કરોડ હોંગકોંગ મોકલ્યા હતા.



# પાલીની આ દુર્ઘટનાગ્રસ્ત ઇમારત ચાર વર્ષથી આકારણી ચોપડે જ ચડી જ નથી!

**દુર્ઘટનાની** તપાસમાં જરૂરી રેકોર્ડ ચકાસવા ચોપડાં ફંફોસતા બહાર આવ્યું કે આ ઈમારતમાં 2020થી આકારણી જ થઈ નથી

**સચીન** ઝોનના સબંધિત અધિકારીઓ પર મનપાને આર્થિક નુકશાન પહોંચાડવા બદલ કાર્યવાહીની શક્યતા

સુરત : શનિવારે સચીનના પાલી વિસ્તારમાં પાંચ માળની ઇમારત પતાના મહેલની માફક તૂટી પડતા સાત સાત લોકોના જીવ ગયા હતા. આ ઘટનાથી ફરી એકવખત સુરત મનપા અને સુડામાં ગેરકાયદે બાંધકામો બાબતે થતા ભ્રષ્ટાચારનો ચિતાર નજરે પડયો છે. ત્યારે હાલ તો મનપાના સચીન ઝોન દ્વારા આ ઇમારત સુડાના કાર્યકાળ વખતે બંધાયું હોવાનું જણાવીને તેમજ બાંધકામ નબળું હોવાથી નોટીસ આપી જ હતી તેવું કહીને છટકી રહ્યાં છે. પરંતુ હવે એવું બહાર આવ્યું છે કે, પાલી સ્થિત આ ઇમારત 2020થી સુરત મનપામાં આવી હોવા છતાં હજુ સુધી

...અનુસંધાન પાના 7 પર

### પાલીમાં બિલ્ડીંગ ધરાશયી થતાં સાતના મોત માટે જવાબદાર કોન્ટ્રાક્ટરની ધરપકડ

**બિલ્ડીંગના** માલિક અમેરિકામાં અને અડાજણમાં રહેતા તેમના માતા ફરાર છે

સુરતઃ સચીન પાલીગામ ખાતે ક્રિષ્નાનગર સોસાયટીમાં કૈલાશ રાજ રેસિડેન્સી નામની બિલ્ડીંગ ધરાશયી થઈ હતી. આ દુર્ઘટનામાં સાતના મોત થતા પોલીસે બિલ્ડીંગના માલિક અને ભાડુ વસૂલનારની સામે મનુષ્યવધની ફરિયાદ દાખલ કરી હતી. પોલીસે આ કેસમાં આજે મોડી સાંજે બાંધકામ કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી છે. સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં રાજભાઇ રસીકભાઇ કાકડીયા તથા તેમની માતા રમીલાબેન રસીકભાઇ કાકડીયા (બંને રહે., કરણપાર્ક સોસાયટી, અડાજણ) તથા અશ્વિનભાઇ વેકરીયા (રહે., વરાછા) ની સામે મનુષ્યવધનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં અત્યાર સુધી બેની ધરપકડ થઈ છે. સચીન પાલી ગામમાં ક્રિષ્નાનગર સોસાયટીમાં આવેલી કૈલાશ રાજ રેસિડેન્સી નામની બિલ્ડીંગ ધરાશયી થઈ હતી. બિલ્ડીંગની નીચે દબાઈને 7 લોકોના મોત થયા છે. આ દુર્ઘટનાને પગલે પોલીસ કમિશનરથી લઈને તમામ ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. સચીન જીઆઈડીસી પોલીસે મનુષ્યવધનો ગુનો દાખલ કર્યો હતો. ગુનો દાખલ થયા પછી અશ્વીનભાઈની ધરપકડ કરવામાં આવી હતી. બિલ્ડીંગના માલિક અમેરિકા છે. તેની માતા અડાજણ ખાતે રહે છે. પરંતુ પોલીસ પહોંચે તે પહેલા તે ગાયબ થઈ ગયા હતા. અશ્વીને તેમને બીજે જતા રહેવા કહ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં પોલીસની તપાસ કોન્ટ્રાક્ટર સુધી પહોંચી હતી. આ બિલ્ડીંગ પંકજ નામના બાંધકામ કોન્ટ્રાક્ટરે બનાવી હતી. સિંગણપોર ખાતે કંથારીયા હનુમાન મંદિરની સામે રીદ્ધી સિદ્ધી સોસાયટીમાં રહેતા 35 વર્ષીય પંકજભાઈ લવજીભાઈ ડુંગરાણીની સચીન જીઆઈડીસી પોલીસે ધરપકડ કરી છે. વર્ષ 2016 ઓગસ્ટ મહિનામાં તેને આ બિલ્ડીંગનું બાંધકામ શરૂ કર્યું હતું. જ્યારે ડિસેમ્બર 2017માં બાંધકામ પુરૂ કરી દેવાયું હતું. 17 મહિનામાં તેમને આ બિલ્ડીંગનું બાંધકામ પુર્ણ કર્યું હતું.

# ગોલ્ડ સ્મગલિંગ કેસમાં ATSની એન્ટ્રી: 3 વર્ષમાં 300 કરોડનું સ્મગલિંગ સુરત-અમદાવાદથી કરાયું!

**સુરત** અને અમદાવાદના ટોચના બુલિયનોને સોનુ વેચવામાં આવતું હતું, ચાર ભાગીદારો દ્વારા આખી ગેમ ગોઠવવામાં આવી હોવાની વાત

**બાળકોને** ધાર્મિક પાઠ ભણાવતો મૌલવી સ્મગલર કેવી રીતે બની ગયો તે વાત એસઓજીને ગળે ઉતરી રહી નથી, બે આરોપીઓને લુક આઉટ નોટીસ ઇસ્યુ કરાઇ

સુરત : શહેરમાં એસઓજીએ પકડેલા સાઇઠ લાખના સોનાના સ્મગલીંગનો આંકડો હાલમાં તો કાગળ પર સામાન્ય દેખાય છે. આ આખા પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા ચાર વર્ષથી અમદાવાદ અને સુરતથી લોન્ચ થતી તમામ ફલાઇટમાં 200 ગ્રામ સોનુ સ્મગલિંગ કરવામાં આવતું હતું. એક કિલો સોના પર જયારે દસ લાખનો સીધો ફાયદો છે. ત્યારે આફ્રિકાથી શૌકત મોહમદ બેનાત જે સુરતના માંગરોલનો રહેવાસી છે તેના દ્વારા આ ફાયનાન્સ કરવામાં આવતું હતું. માંગરોલ અને તેની આસપાસના ગામના લોકોને દુબઇ બોલાવીને આ રેકેટ છેલ્લા 3 વર્ષથી ચલાવવામાં આવી રહ્યું હતું. જયારે સુરત અને અમદાવાદમાં છેલ્લા 3 વર્ષમાં 300 કરોડ કરતા વધારેનું સોનુ લેન્ડીંગ થઇ ચૂકયું છે. આટલી

...અનુસંધાન પાના 7 પર




### કરોડોના સ્મગલિંગમાં આતંકવાદી ફંડિગની શંકાથી એટીએસ તપાસમાં જોડાયું

એટીએસ દ્વારા માગરોલ ખાતે વસરાવી ચોકડી પાસે મોસાલી ગામમાં રહેતા અબ્દુલ સમદ ફારૂક બેમાત નામાના મૌલવીની ઘનિષ્ઠ તપાસ શરૂ કરવામાં આવી છે. આ અબ્દુલ તે હાફિઝ બનીને મદરેસામાં બાળકોને શિક્ષણ આપતો હતો તે આ સ્મગલિંગમાં જોડાયો તે વાત એટીએસ અને એસઓજીને ગળે ઉતરી રહી નથી. આ મૌલવી તેના સગા વ્હાલાઓને કેરિયર તરીકે મોકલતો હતો. તેમાં ખાસ કરીને હનીમુન કપલને ફ્રીમાં દુબઇની ટ્રીપ આપવામાં આવતી હતી. તેણે વર્ષ 2003 થી 2017 સુધી મહારાષ્ટ્રના અકકલકુવા ખાતે જામીયાહ ઇસ્લામીયાહ મદ્રેસામાં હાફીઝ તરીકે પદવી મેળવી હતી. વર્ષ 2017થી ઔરંગાબાદ પાસે સિલ્લોડ તાલુકામાં મર્કઝે ઇસ્લામીમાં બે વર્ષ સુધી

...અનુસંધાન પાના 7 પર

**ચાર લોકો પચ્ચીસ ટકા ભાગીદારીમાં નાણાં વેચતા હતા**

આ સ્મગલિંગનું નેટવર્ક જાણીને એસઓજી ચોંકી ગઇ છે . તેમાં એક વ્યકિત ફાયનાન્સ કરતો હતો. બીજો કેરિયર શોધતો હતો. ત્રીજો માલની ડિલીવરી મોકલતો હતો. અને ચોથો તે માલ મોટા બૂલિયનોને વેચતો હતો . આ તમામ લોકો પચ્ચીસ ટકા ભાગીદારીમાં કામ કરતા હોવાની વાત છે. અબ્દુલ બેમાત તે માંગરોલ અને તેની આસપાસ વિસ્તારમાં સેફ કેરિયરને દુબઇથી

...અનુસંધાન પાના 7 પર

**ગુજરાત અને મહારાષ્ટ્રમાં જે ગોલ્ડ સ્મગલિંગ થાય છે તે તમામના બિલ એક જ દુકાનના હોય છે**

નાસીર સેહાબ જવેલરી , ગોલ્ડ સ્કવેર , દિએરા દુબઇની આ દુકાનોમાંથી કરોડોનું ગોલ્ડ ખરીદાય છે અને તેને ભારતમાં વેચી મારવામાં આવે છે. દરમિયાન આ આખું રેકેટ એક જ દુકાનમાંથી ચલાવવામાં આવી રહ્યું છે. તેમાં સુરતમાંથી જેટલું સોનુ પકડાયુ છે તેમાં આજ દુકાનના બિલ મળ્યાં છે. મુંબઇ અને અમદાવાદમાં

...અનુસંધાન પાના 7 પર

### બીજું બાળક બતાવી પોલીસને ગેરમાર્ગે દોરી હતી છતાં ડિંડોલીમાં ગુમ પાંચ વર્ષના બાળકને ક્રાઈમ બ્રાંચે શોધી કાઢ્યું

# પૈસાની જરૂર હોવાથી પિતાએ જ પોતાના બાળકના અપહરણનું નાટક રચ્યું હતું

**અપહરણનું** કહીને સસરા પાસે ખંડણી માંગવાનો હતો તે પહેલા બાળક મળી જતાં ભાંડો ફૂટી ગયો

**બહેનના** હાથે મિત્ર પાસે બાળકને મોકલી પછી બાળકને ટ્રેનમાં મહારાષ્ટ્ર મોકલી આપ્યો હતો

સુરતઃ ડિંડોલીમાં ચાર દિવસ પહેલા પાંચ વર્ષનું બાળક રમતા રમતા ગુમ થયું હતું. પરિવારે બાળકના અપહરણની ફરિયાદ નોંધાવી હતી. ક્રાઈમ બ્રાંચને તપાસ દરમિયાન બાળકના પિતાએ જ બાળકના અપહરણનું નાટક રચ્યાનું સામે આવ્યું છે. પૈસાની જરૂરીયાતને કારણે બાળકના નાના પાસે પૈસા માંગવાનો પ્લાન હતો.

ડિંડોલી વિસ્તારમાં જીજ્ઞાનગરમાં ગત 6 જુલાઈ રાત્રે તારાચંદ ઉત્તમ પાટીલનો 5 વર્ષનો દીકરો સોસાયટીમાં રમતા રમતા ગુમ થયો હતો. બાદમાં બાળકની શોધખોળ કરીને તેઓ પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવવા ગયા હતા. ડિંડોલી પોલીસની ટીમ બાળકના અપહરણની ફરિયાદ નોંધી શોધખોળના કામે લાગી હતી. પરંતુ બાળકનો કોઈ

...અનુસંધાન પાના 7 પર

**પકડાયેલા આરોપીઓ**

- બાળકના પિતા તારાચંદ ઉત્તમ પાટીલ (ઉવ.૩૨, રહે. ગોર્વધન નગરભાડાના મકાનમા નવાગામ ડીંડોલી તથા મુળ બળવાણી, મધ્યપ્રદેશ)
- તારાચંદની બહેન જ્યોતિ રવિન્દ્ર ઠાકરે (ઉવ.૨૪, રહે. મહાદેવ નગર વીભાગ-૧ ડીંડોલી તથા મુળ તા.શહાદા જી.નંદુરબાર, મહારાષ્ટ્ર)
- તારાચંદનો મિત્ર કરણ મનોહર વાકોડે (ઉવ. ૨૧ ધંધો- રીક્ષા ડ્રાઇવીંગ રહે. એપેક્ષા નગર પોલીસ કોલોની પાસે પાંડેસરા તથા મુળ જલગાવ, મહારાષ્ટ્ર)

### 9 લાખની લોન અને પત્નીની બિમારીથી કંટાળી ગયો હતો

બાળકના પિતાની પ્રાથમિક પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે, પોતે પોતાના ધંધા માટે જુદી જુદી બેકોમાંથી આશરે નવ લાખની પર્સનલ લોન લીધી હતી. કોરોનો કાળ બાદ ધંધાની દશા ખુબજ કથળાઇ ગઈ છે. અને પોતે તેમજ પોતાની પત્ની પણ સતત બીમાર રહેતી હોવાથી તેના સારવાર પાછળ પણ ખૂબ ખર્ચ થયો છે. જેથી પોતે પોતાના પિતા પાસે રહેવા જવાનું નક્કી કર્યું હતું. પરંતુ નજીકમાં તેના સાસુ-સસરા પણ રહેતા હોવાથી પત્ની રાજી નહોતી. જેથી પોતે માનસિક રીતે કંટાળી ગયો હતો.

### બહેન અને મિત્ર સાથે મળી અપહરણની યોજના ઘડી

પોતાની બહેન જ્યોતિ રવિન્દ્ર ઠાકરે તથા તેના મિત્ર કરણ મનોહર વાકોડે મારફતે પોતાના દીકરાનું અપહરણની યોજના ઘડી હતી. બાળકને તેની ફોઈએ કરણને સોંપ્યો હતો. બાદમાં કરણએ રાત ભર તેના ઘરે બાળકને રાખી બીજા દિવસે સવારે નાંદુરા તા.બુલઢાણા મહારાષ્ટ્ર ખાતે મોકલી આપ્યો હતો. જેથી બાળકના અપહરણ અંગે તેની પત્ની ઉપર નિષ્કાળજીનું બહાનુ બનાવી શકે. અને તે બહાને ત્યાંથી પોતાના પિતા સાથે તેમના ઘરે રહેવા જઈ શકે.

# અડાજણના મહિલા પોસ્ટ માસ્ટર સાથે નવાપુરના વિધર્મી યુવક દ્વારા બળાત્કાર

**મહિલાનો** ન્યૂડ વિડીયો બનાવી 9.63 લાખ પણ પડાવ્યા, તેણીની 50 હજારની ચેઈન પણ પડાવી લીધી

સુરતઃ અડાજણ ખાતે રહેતા મહિલા પોસ્ટ માસ્ટરનો તેની બહેનપણીના બોયફ્રેન્ડ થકી નવાપુર ખાતે રહેતા વિધર્મી યુવક સાથે સંપર્ક થયો હતો. બાદમાં યુવકે તેણીને નવાપુર મળવા બોલાવી પરિણીતા સાથે દુષ્કર્મ કરી ન્યુડ વિડીયો ઉતારી લીધો હતો. અને તેના આધારે અવાર નવાર શરીર સંબંધ બાંધવાની સાથે પરિણીતા પાસેથી 9.63 લાખ પડાવ્યા હતા. અઠવા પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અઠવા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ અડાજણ ખાતે રહેતા 39 વર્ષીય મહિલા પોસ્ટ માસ્ટરએ અઠવા પોલીસ સ્ટેશનમાં આબીદ અકીલ શાહ ઉર્ફે નપ્પુ શાહ (રહે. જનતાપાર્ક ગલી નંબર-૨, ઉર્દુ સ્કુલ પાસે, નવાપુર, જી.નંદુરબાર, મહારાષ્ટ્ર) ની સામે ફરિયાદ નોંધાવી છે. પરિણીતા ફેબ્રુઆરી 2022માં તેની બહેનપણીના વિધર્મી બોયફ્રેન્ડ થકી મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના નવાપુરના આબીદના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વાતચીત થતા મિત્રતા થઈ હતી. અને મોબાઈલ નંબરની આપ લે કરતા એક દિવસ આબીદએ તેણીને નવાપુર મળવા બોલાવી હતી. મહિલા નવાપુર ખાતે જતા તેણીને હોટલમાં લઈ ગયો હતો. અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં મહિલાનો ન્યુડ વિડીયો ઉતારી લીધો હતો. અને આ વિડીયો બતાવીને અવાર નવાર તેની સાથે શરીર સંબધ બાંધ્યો હતો. ત્યારબાદ તા.૫મી ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ વીડિયોના આધારે બ્લેકમેઈલ કરી હોટલમાં લઈ જઈ ફરીથી તેની સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સિવાય તેણી પાસેથી અવારનવાર પૈસાની માંગણી કરી કુલ 9.13 લાખ રૂપિયા અને તેણીની 50 હજારની સોનાની ચેઈન મળીને કુલ 9.63 લાખ પડાવ્યા હતા. આ અંગે તેણીએ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ઓપરેશન ગંગાજળ : 100 જેટલા સરકારી બાબુઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવાશે

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલે શરૂ કરેલા ઓપરેશન ગંગાજળ દરમ્યાન હજુયે 100 જેટલા સરકારી બાબુઓને ફરજીયાત નિવૃત્ત કરી દેવામાં આવનાર છે. આ અભિયાન આગામી બે મહિના સુધી ચાલનાર હોવાની માહિતી સચિવાલયમાંથી મળી છે.

ટોચના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, ઓપરેશન ગંગાજળ હેઠળ અત્યાર સુધીમાં 11 જેટલા અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે. જેમાં પાંચ અધિકારીઓ કલાસ વન છે. જયારે અન્ય અધિકારી વર્ગ -2 અધિકારીઓનો સમાવેશ થાય છે.

સીએમઓ દ્વારા અંદાજિત 100 જેટલા અધિકારીઓની યાદી તૈયાર કરાઈ છે. જેમાં ગૃહ વિભાગ , મહેસૂલ, પંચાયત, શહેરી વિકાસ સહિતના વિભાગોનો સમાવેશ થાય છે. જયારે સરકારના બોર્ડ નિગમો, મહાપાલિકા, અને નગરપાલિકાઓનો પણ સમાવેશ થાય છે.

રાજય સરકારના વહીવટી તંત્રમાં વ્યાપક ભ્રષ્ટાચાર ફેલાયો છે. જેના પગલે છેક ગાંધીનગર સુધી ફરિયાદો આવી રહી છે. ભાજપના ચૂંટાયેલા ધારાસભ્યો તથા સાંસદો પણ ફરિયાદ કરી રહ્યાં છે કે સરકારી અધિકારીઓ કામ કરતાં નથી. રજુઆતો સાંભળતા નથી. જેના પગલે આ ઓપેરશન ગંગાજળ શરૂ થયેલું છે.


અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

ચોથી વાર્ષિક હૃદયાંજલિ



સ્વ. મહર્ષ હર્ષદભાઈ પટેલ
જન્મ તા.૨૨/૧૧/૧૯૯૭
સ્વ.તા.૧૦/૦૭/૨૦૨૦

॥ પ્રભુ પ્રાર્થના ॥
હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ માંગીએ,
શરણું મળે સાચુ તમારૂ એ હૃદયથી માંગીએ,
જે શુધ્ધાત્મા આવ્યો આપ પાસે શરણમાં અપનાવજો,
પરમાત્મા આ આત્મા ને શાંતિ સાચી આપજો
અમારા સૌની અંતઃકરણની પ્રાર્થના.
॥ શ્રી હરિ ॥
હર્ષદભાઈ અંબુભાઈ પટેલ
જયાબેન હર્ષદભાઈ પટેલ
ડેનિશ – ફેના – અર્જુન
તથા સહ પરિવારના જયશ્રી કૃષ્ણ (ગામ : સારોલી, સુરત)

૧૪મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



સ્વ. રમીલાબેન રોહિતકુમાર તરતીયા
સ્વ. તા. ૧૦/૦૭/૨૦૧૦

સંતાનો અને માતાનો સંબંધ અતૂટ છે.
વય સમય કે દેહ વિલય કશું જ એને તોડી ન શકે 'માં'
તુ સદા સદેહ છત્ર બનીને જીવી હવે દુર રહી
સ્વર્ગમાંથી તારા સ્નેહભીના આશિષ,
તારી હુંફ, તારે વ્હાલ સતત સંસારની તડકી છાંયડી 'મા'
અમારી સાથે જ રહેશે.
લિ. સ્વ. રોહિતકુમાર તરતીયા
તારી હસ્તી અને હુંફ તરસતા તારા બાળકો...
કલ્પેશ આર. તરતીયા (UK) મધા કલ્પેશ તરતીયા
કેતુલ આર. તરતીયા (એડવોકેટ) અમી કેતુલ તરતીયા
શ્યામલ આર. તરતીયા વિન્સી શ્યામલ તરતીયા
હર્ષી, દર્શી, સીયા, ધ્યાની, હેલી, રૂતિકા

દ્વિતિય પુણ્યતિથિએ સ્મરણાંજલી



કેસરબેન રતિલાલ કહાર
ઉર્ફે સ્વ. કેસરબેન લાલભાઈ પટેલ
(નિવૃત આચાર્ય ન.પ્રા.શિ.સમિતિ)
સ્વ. તા. ૧૦-૦૭-૨૦૨૨

મમ્મી આપની વિદાયને બે વર્ષ પૂર્ણ થયાં. મમ્મી તમે હંમેશા સુખમાં પડખે અને દુઃખમાં ઢાલ બની અમારી સાથે ઊભા રહ્યાં. આપનાં ઉત્તમ કાર્યો, નિસ્વાર્થ, પ્રેમાળ, માયાળુ સ્વભાવ સર્વત્ર છવાઈ ગયો. આપની સ્મૃતિ આમારા સૌનાં જીવનમાં અનંતકાળ સુધી પ્રજ્જવલિત રહેશે.
આપના સદ્ગુણો અમને દિવા-દાંડીની જેમ માર્ગ ચિંધ્યાં કરશે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
લિ. આપનો પરિવાર
શશીકાંત કહાર (પુત્ર) મિનાક્ષી કહાર (પુત્રવધુ)
મનોજ ભગત (પુત્ર) ફાલ્ગુની ભગત (પુત્રવધુ)
અક્ષત કહાર (પૌત્ર) યશ્વી કહાર (પૌત્રવધુ)
પ્રિયલ પ્રિયેશ રેતીવાલા (પૌત્રી) ગં.સ્વ. જાગૃતિ સુરેશભાઈ કહાર
ચલિત, પ્રિયાંશ, શ્રીયા, હેયાંશ તથા સમગ્ર કહાર પરિવાર

ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. શારદાબેન મણીભાઈ પટેલ
જન્મ તા. ૨૪/૧૦/૧૯૪૭
સ્વ.તા. ૧૦/૦૭/૨૦૨૦
(અષાઢ વદ પાંચમ)

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતળતા બક્ષે છે, તેમ આપ જીવનભર પરિશ્રમ કરી, સૌને મદદ કરી, કર્મયોગી બનેલ, આપ આજે પણ કર્મ અને સદ્ગુણરૂપે જીવંત છો. વર્ષો આપણી વચ્ચેથી ઉઠી ગયેલા સ્વજનની વિદાયને ચાર વર્ષ થયા.
આપ સ્વર્ગસ્થ થયા જે ઈશ્વરીયક્રમ હતો, અમારે મન આપ સદા હૃદયસ્થ રહેશો.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના.
શોકાતુર
મણીભાઈ મકનભાઈ પટેલ (પતિ)
કિશોરભાઈ મણીભાઈ પટેલ(પુત્ર) મિનાક્ષીબેન કિશોરભાઈ પટેલ(પુત્રવધુ)
પ્રિન્સકુમાર કિશોરભાઈ પટેલ(પૌત્ર) અરૂણાકુમારી કિશોરભાઈ પટેલ(પૌત્રી)
ભુપેન્દ્રભાઈ હરિભાઈ પટેલ(જમાઈ) ગીતાબેન ભુપેન્દ્રભાઈ પટેલ(પુત્રી)
રાજેશભાઈ બાબરભાઈ પટેલ(જમાઈ) જાગૃતિબેન રાજેશભાઈ પટેલ(પુત્રી)
હિમાંશુભાઈ દિપકભાઈ પટેલ(જમાઈ) ભાવિકાબેન હિંમાશુભાઈ પટેલ(પૌત્રી)